(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

નિસ્યંદન

ઓગસ્ટ ૨૦૧૮ વર્ષ – ૫ સળંગ અંક – ૨૮



તંત્રી-સંપાદક
યોગેશ વૈદ્ય

o 'નિસ્યંદન' વિશે

o મૂલતઃ ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ : આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o 'નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો :
અમારી વેબસાઇટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઇડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી submit કરો.
અથવા
https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ
કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા.
કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મૂકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર/ લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા - યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in

o બ્લૉગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

પરામર્શક
જનક દવે
સાહિલ
શશિકાંત ભટ્ટ 'શૈશવ'
જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર
અનુચિત સુંદરકૃતિ
(Anuchit Sundarkriti)

*

પરિકલ્પના અને સજાવટ
યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ
જિતુ ત્રિવેદી

*


ટેકનિકલ સહયોગ
ગુંજા વૈદ્ય મંદાર દવે

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⮌ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો.)



O સંપાદકીય



ખાસ્સા લાંબા અંતરાલ પછી આપણે મળી રહ્યાં છીએ.
આ સામયિકના પ્રકાશનમાં થયેલા વિલંબનાં કારણોમાં કેટલીક અંગત અડચણો અને પ્રકાશન માટે જરૂરી એવી યોગ્ય સામગ્રીનો અભાવ રહ્યો છે.

છપાતાં સામયિકો સામે આ સામયિક જેવા વીજાણું સામયિકને આ તકલીફ રહેવાની જ હતી; માટે કોઈ ફરિયાદ નથી. કવિતાઓની ગુણવત્તા પણ એક મુદ્દો રહ્યો છે. આ અંકથી આ સામયિકને અન્ય ભારતીય તેમજ વૈશ્વિક કવિતાઓ તરફ વિસ્તારવાનો પ્રયાસ કર્યો છે. આપને આ પ્રયત્ન કેવો લાગ્યો તે જણાવશો.

પ્રવર્તમાન સાહિત્યિક, સામાજિક તેમજ રાજકીય પરિસ્થિતિ સંદર્ભે વર્ષો પહેલાં લખાયેલી કવિ શ્રી વેણીભાઈ પુરોહિતની ‘કો’ક તો જાગે‘ રચનાના થોડાક અંશ કશી જ ટિપ્પણી વગર આપ સમક્ષ મૂકું છું.

આ નાનકડું સામયિક દીવાદાંડી ભલે થઈ ન શકે; કોઈનો ક્યાંક એકાદ ખૂણો અજવાળતો ઘરદીવડો તો થઈ જ શકે છે.

આપણામાંથી કો’ક તો જાગે-
કો’ક તો જાગે !
**
હાય જમાને
ઝેરને પીધાં, વેરને પીધાં,
આધીનનાં અંધેરને પીધાં,
કૈંક કડાયાં કેરને પીધાં-
આજ જમાનો અંતરાશે
એક ઘૂંટડો માગે -
સાચ-ખમીરનો ઘૂંટડો માગે :
આપણામાંથી કો’ક તો જાગે !
**
સોડ તાણી સહુ આપણે સૂતાં,
આપ ઓશીકે આપણાં જૂતાં,
ઘોર અંધારાં આભથી ચૂતાં-
ઘોર અંધારી રાત જેવી
ઘનઘોર તવારીખ સોરવા લાગે-
આપણામાંથી કો’ક તો જાગે !
**
કોઈ જાગે કે કોઈ ના જાગે
કોઈ શું જાગે ?
તું જ જાગ્યો તો તું જ જા આગે-
આપણામાંથી તું જ જા આગે....

O યોગેશ વૈદ્ય

તારીખ: ૩૧. ૭. ૨૦૧૮

Dariusz Pacak

(Polish poetry)

ZAMGLENIE

a jeśli cisza
jest tylko złudzeniem głuchego
to czy reszta
na pewno jest rzeczywistością

3-4 grudnia 2017, Wiedeń

ZŁUDZENIE

jeśli zapach kwiatu
dotyk dłoni
obraz
są złudzeniami
to czym jest człowiek

SPĘTANIE

czym jest artykulacja słowa
jeśli jego znaczenia są pomieszane

3-4 grudnia 2017, Wiedeń

W CHAOSIE

dialog
jest tylko wyuzdaną grą
języków z *papier-mâché*

3-4 grudnia 2017, Wiedeń

NARODZENIE

tam gdzie nie ma nocy ani dnia
zniewolony człowiek zabija się
by doświadczyć umierając
swej nagości pierwszy raz

4 grudnia 2017, Wiedeń

દાર્યુંઝ પાકસાક

(પોલીશ કવિતા)



અસ્પષ્ટ

અને જો નીરવતા
એ કોઈ બહેરાની ભ્રાંતિ માત્ર હોય
તો બાકીનું બધું
વાસ્તવિક છે
નિશ્ચિતપણે

ભ્રાંતિ

જો એક ફૂલની ગંધ
હાથનો સ્પર્શ
દૃશ્ય
બધું હોય ભ્રાંતિ
તો
એક માણસ પણ …

ગાંઠ

શબ્દની સ્પષ્ટોક્તિ કરીને પણ શું વળે
જો તેના અર્થો હોય ગૂંચવાયેલા.

અનિર્ણયાત્મક

સંવાદ -
એક વ્યભિચારી રમત માત્ર
કાગળના માવાની જીભડીઓ દ્વારા રમાતી.

જન્મ

ત્યાં જ્યાં દિવસ નથી રાત નથી
ગુલામો પોતાનો જીવ આપી દે છે
પહેલી વખત મારતી વેળાની
નગ્નતાનો અનુભવ કરવા.

(અનુવાદઃ પોલિશ કાવ્યોના અંગ્રેજી અનુવાદ પરથી : યોગેશ વૈદ્ય)

માટી



ગામથી શહેર લગી પહોંચતા
સાવ બદલાઈ જાય છે
માટી

સંકોડાઈને રહી જાય છે
શહેરનાં કૂંડાંમાં
ગામડાની માટી તો ચોંટેલી રહે
મારા હાથને મારા પગને.

એ માટીને ધોઈ નાખ્યા પછી પણ
રહી જાય છે તેની ભીની મહેક.
માટી શ્વાસ છે મારો
ઊર્જા છે
ઓળખ છે મારી.

મેં મારા પગ તળેની માટીને
વરસોથી સાચવીને રાખી છે.
માટીને ન કોઈ જાતિ ન કોઈ ધર્મ.

હું, તું
તે કે પેલા
કોઈપણ પડે
માટી સંભાળી લે છે
જેમ મા પકડી લે છે બાવડું તેના બાળકનું.

સંતોષ એલેક્સ

(મૂળ હિન્દી પરથી અનુવાદ : યોગેશ વૈદ્ય)





યોગ્ય સમય

જેવો મને
માણસ માણસ વચ્ચેનો,
માણસ અને કવિતા વચ્ચેનો,
કવિ અને વિવેચક વચ્ચેનો
ભેદ સમજાઈ ગયો,
મને તેમણે નિશાન બનાવ્યો.

જેવું હું પરખાતો થયો
ઊંચાઈ અને તેના અભાવને
રંગ અને તેની ઊણપને
શાંતિ અને ઘોંઘાટને
તેમણે મને ફરીથી નિશાન બનાવ્યો.

જયારે જ્યારે કોઈ શીખતું હોય છે ભેદ પરખવાનું
ત્યારે જ તો હોય છે યોગ્ય સમય
તેના પર હુમલો કરવાનો

સંતોષ એલેક્સ

(અનુવાદ : મૂળ મલયાલમ કવિતાના અંગ્રેજી અનુવાદ પરથી - યોગેશ વૈદ્ય)

માપ

તેની પાસે એક યંત્ર હતું
જેનાથી માપી શકાય
હૈયાંઓ વચ્ચેનું અંતર

તેણે પ્રેમીઓનાં હૈયાંઓ વચ્ચેનું અંતર માપ્યું
જોજનો દૂર હતાં બંને

જ્યાં ચર્ચનો ઘંટ રણક્યો
એક ચાલી ગઈ
જ્યાં અઝાન સંભળાઈ
બીજો પણ ચાલ્યો ગયો.

આવા યંત્રની જાણ થતાં
બંને સમૂહોએ
તેના પર હુમલો કર્યો

આજે તે ઊભો છે ચોકની વચ્ચે
પૂતળું થઈને
પોતાના બન્ને હાથ ઉઠાવીને.
એક આંગળી ચર્ચ તરફ ચીંધતો
અને બીજી આંગળી મસ્જિદ તરફ.

સંતોષ એલેક્સ

(અનુવાદ : મૂળ મલયાલમ કવિતાના અંગ્રેજી અનુવાદ પરથી - યોગેશ વૈદ્ય)



ગામની સડક

સડક જ્યાંથી વળે છે
ત્યાં બન્ને બાજુ ખેતર છે
ક્યાંક સડક સાથે ક્યારા દોડ્યા જાય છે
ક્યાંક ગડેરિયો
ઘેટાં હંકારીને લઈ જતો હોય
ક્યાંક કુલફીવાળાને ઘેરી લેતાં છોકરાં
તો ક્યારેક
નવ વાગ્યાની બસ
પોં પોં કરતી પહોંચે છે
સાડાદશે.
હાટડી પાસે થઈને વળતી બસ
ધૂળથી લથબથ પ્રવાસીઓ ને રિક્શાવાળો
કોઈ પેઇન્ટિંગમાં હોય
તેનાથી સહેજેય ઓછા સુંદર નથી લાગતા.

બસ રોકાય છે
કોઈ શહેરથી આવ્યું છે
કોઈ જઈ રહ્યું છે શહેર
તો કોઈ પી રહ્યું છે બીડી
આ બધું જોતું

હાટડી બંધ કરવાનો સંકેત દેતી
બસ ચાલી જાય છે
ને સડક થઈ જાય છે સાવ ઉજ્જડ.
જોકે
તે સવારે પાછી થઈ જાય છે તૈયાર
અમારી સાથે
ફરી એક નવાનકોર દિવસ માટે.

સંતોષ એલેક્સ

(મૂળ હિન્દી પરથી અનુવાદ : યોગેશ વૈદ્ય)

અવઢવ

પરણ્યો ઘરમાં ના ટકે કેવો બળ્યો સ્વભાવ,
સાંજ પડે ને સાંભરે (એને) નવકૂકરીના દાવ.

વણપાણી વણમાવજત વધતી દુઃખની વેલ,
કેમ કહું કે આવ તું, વળ પાછો ઝટ છેલ!

આવો વેરી કાં થયો કેમ રહે તું દૂર,
આવો નિંભર કાં થયો, ન અડકે ચઢતાં પૂર?

આંખ કહ્યું ના સાંભળે કોને કરવી રાવ?
મનમાં રહી જઉં સમસમી જેવો જેનો ભાવ.

કરવા ધાર્યું કેટલું મનમાં રહેશે સાવ?
હૈયે લીધી એક રઢ, આવ હવે તું આવ.

હાથ સમેટી ક્યાં જઈશ, એમ જવાશે ક્યાંય?
અડતાં મારી આંગળી, ઓગળશે તું ક્યાંય!

રમણીક અગ્રાવત







વૉલપીસ

હમણાં જ ભાંગી ગયો હોય એવો આકાર
આ રહ્યો વૉલપીસમાં--
કે બંધાતો બંધાતો રહી ગયેલો કોઈ ભાવ.
કે પડછાયો
જે કદાચ નાસી રહ્યો છે.
કે આવી રહ્યું છે કશુંક અપરિચિત
ઘેરા રંગના ધાબામાં
નજર સામે જ ઊપસતું.
કદાચ એમાંથી હાથ બને
કાં આંગળી
કાં આખો માણસ
કાં સરેઆમ ભજવાતી કોઈ ઘટના.
વૉલપીસને દૂરના ખૂણે કંઈક સળવળતું
અસ્પષ્ટ રહી જાય છે.
હાલ તો ફ્રેમની લગોલગ
આવીને અટકી ગઈ છે એક તૂટક રેખા
આ વિસ્ફારિત આંખને સાવ અડીને---

રમણીક અગ્રાવત

મારું મન

(ત્રણ કાવ્યો)



૧

ગગનને આશ્લેષમાં લેતો
મેઘ તો ઘેરાય છે,
સ્વાતિ નક્ષત્ર પણ છે,
છીપલાંએ ખોલ્યાં છે મુખ
પણ મન
સપનામાંય કરતું નથી હવે
મોર બની થનગાટ ...

વરસાદી માટીની મહેક લાઈને
પવન તો આવીને વીંટળાયો મને
પણ મન
ખરેલા પીંછા જેવુંય
                ફરફરતું નથી જરીકે.....

હવે તો
મારું મન
     મરેલું
          પતંગિયું....

મૂકી દે એને
તારી
અંગત ડાયરીનાં
પાનાં વચ્ચે....



૨

હવે તો
મારું મન
વહેતા જળમાં
પડેલું
સુક્કું
પીળું
પાન ....

ડૂબું ડૂબું થતી
કોઈ કીડીને
મળશે
નવજીવન ?!

૩

પાનખરની
સૂકી
નમેલી ડાળ પર
મારું મન
લ
ટ
કી
  રહ્યું છે
       પીળો
       ચાંદો બની...

યોગેશ જોષી

ગઝલ



અવસર આવ્યો આજ અમૂલો.
દીવાલમાં ખોસી દો ફૂલો.

તારી પાસે પહોંચવાને,
સુગંધ પર બાંધ્યા છે પૂલો.

સ્ટોપર જેવા શ્વાસ ઉઘાડો,
દ્વાર સમા છો તમે? તો ખૂલો.

ભૂખ દઝાડે એવી હમણાં,
જાણે ખાઈ ગયા હો ચૂલો.

સપનું બાંધી દીધું પગમાં,
એના વિણ છે માણસ લૂલો.

કુલદીપ કારિયા

ગઝલ



માંડ પીડાને પ્રવાહી મેં કરી,
તો આ આંસુ આંખમાં આવ્યું ફરી.

પ્રેમ પરથી ગીત એકે ના સૂઝયું,
એટલે હારી ગયો અંતાક્ષરી.

આંખ સૂકવીને નમક ભેગું કર્યું,
ખાઈ લઈશ, તું દે બળેલી ભાખરી.

બારમાસી હોય જ્યાં વેરાન ત્યાં,
બારમાસી ગંધ ક્યાંથી પાંગરી?

છાપરું માથેથી ઊડયું તે પછી,
હાથમાં આવી જૂની કંકોતરી.

બારણાની બ્હાર દુનિયા જીવતી,
માત્ર ઘરમાં આવતાં એ ગઈ મરી.

એમ મારું સુખ નડે છે રોજ કે,
ભાતમાં આવી ચડે કો' કાંકરી.

રવીન્દ્ર પારેખ

ગઝલ



બરફના ચોસલા જેવો હતો જીવ સાવ થીજેલો
વિખેરી ચોકમાં તડકો જરી સૂકો થવા મેલો

સમય તોડી ગયો છે લાકડી ને કાચ ચશ્માંના
મને સૂમસામ બહુ ભાસ્યા કરે છે આજ આ ડેલો

પછેડી તાણીને અંધારની સૂતો રહેલો તું
બહુ આયાસપૂર્વક હું સૂરજ પકડીને બેઠેલો

તમે જ્યાં વાત માંડી'તી તડપતા રણની રેતીની
બરાબર એ જ વખતે હું ય ટીપું થઈને ટપકેલો

કમાડો હોત જો વાસેલ તો સમજી શકાયું હોત
મને કિન્તુ ઉઘાડા બારણાએ પાછો કાઢેલો

નદીમાં કોણ જાણે કાંકરી ફેંકી હશે કોણે
ઊડીને એક છાંટો છેક મારા ઘેર આવેલો

હર્ષદ સોલંકી



ફરી આવીશ

કુંવરનારાયણ

(અનુવાદ : રમણીક અગ્રાવત)

કેટકેટલું હતું લડવા-ઝગડવા માટે
આ દુનિયામાં
પણ મન એવું મળ્યું
કે થોડાક પ્રેમમાં ગળાડૂબ રહ્યો
ને જીવન વીતી ગયું...
*
ફરી આવીશ તો
ભરપૂર થઈ આવીશ.
ચહેરા પર અણીદાર મૂછ નહીં
કમર પર લોખંડી પૂંછ નહીં
મોકળાશ આપીશ સાથે ચાલનારને
કતરાઈને
ભૂખીઝેર આંખે નહીં જોઉં એમને

ફરી આવીશ
વધુ સારો મનુષ્ય બનીને
ઘરથી નીકળતાં
સડક પર ચાલતાં
બસ-ટ્રેન પકડતાં
ઠેરઠેર આમતેમ
હડહડ થતાં જાનવર જેવો નહીં

મને બચાવી લઈ
કૃતજ્ઞ થઈ આવીશ.





બાઉલ ગીત

મહાત્મા લાલન બાઉલ

(અનુવાદઃ સતીશચંદ્ર વ્યાસ ‘શબ્દ’)

હું કાં એક્કેય વાર ના ભાળું ?
સાવ અડોઅડ આયનાઘરમાં પડોશી રહે મરમાળું
તો ય કદી, ક્યારેય ના ભાળું...

ઘૂઘવે અગાધ દરિયો મારા ગામને ઘેરી
તીર નથી ને નાવડી નથી કોઈ સોનેરી
સ્થળ વિનાના સ્થાને જઈને કેમ નિહાળું

આકાર વિનાના પડોશી કોઈ કેમ કરીને માપે ?
ઘડીક સમાય શૂન્યમાં તો ઘડીક સઘળે વ્યાપે

એક વાર મને પડોશી અડકે ...
તો તો જમડા મુજથી ભડકે ...

લાલન-પડોશી પાસેપાસે તોય કેટલો ફરક ભાળું

તેનજિન ત્સુંદેની કવિતા

અનુવાદ : હરીશ મીનાશ્રુ



[અંગ્રેજીમાં લખતા મૂળ તિબેટી-ભારતીય કવિ તથા તિબેટની મુક્તિ માટે સંઘર્ષરત કર્મશીલ. સરહદ કને મજૂરી કરતા તિબેટી-શરણાર્થી પરિવારમાં સિત્તેરના દાયકાની શરૂઆતમાં જન્મ. મદ્રાસથી સ્નાતકની ઉપાધિ મેળવી. તમામ જોખમો ઉઠાવીને પગપાળા હિમાલય ઓળંગીને માતૃભૂમિ તિબેટનો હાલ પોતાની આંખે જોયો. ચીનની સીમા-પોલિસે ગિરફ્તાર કરી ત્રણ માસ લ્હાસાની જેલમાં કેદ રાખ્યા ને પછી ભારત 'ધકેલી દીધા'. ચીન સરકારે ૨૦૦૦ના નવેમ્બરમાં ચીની રાષ્ટ્રપતિની ભારત મુલાકાત દરમ્યાન તેનજિન ત્સુંદેની ગતિવિધિઓ પર રોક લગાવવાની માગણી મૂકી હતી ત્યારે એમને ધરમશાલામાં ચૌદ દિવસ કેદ રાખવામા આવ્યા હતા. મુંબઈથી અંગ્રેજીમાં એમ.એ. કરતા હતા ત્યારે સહપાઠીઓ પાસેથી ઊછીના પૈસા લઈ પ્રથમ કાવ્યસંગ્રહ છપાવ્યો હતો : ક્રોસિંગ ધ બોર્ડર. અન્ય બે પુસ્તકો છે : ૧/ કોરા (કાવ્યો અને વાર્તાઓ) ૨/ સેમ્શૂક - એસ્સેજ ઓન ધ તિબેટન ફ્રીડમ સ્ટ્રગલ. (નિબંધો-લેખો). કેટલાય આંતરરાષ્ટ્રીય મંચો પર તિબેટનું પ્રતિનિધિત્વ કર્યું છે. કથાસાહિત્યેતર લેખન માટે એમને 'આઉટલૂક પિકાડોર એવાર્ડ 2001'થી નવાજવામાં આવેલા છે. આ કાવ્યો એમના સંગ્રહ 'કોરા'માંથી પસંદ કરેલાં છે.]

જ્યારે ધરમશાલામાં વરસાદ પડે છે

જ્યારે ધરમશાલામાં વરસાદ પડે છે
મુક્કાબાજીનાં મોજાં ચડાવી દે છે વરસાદના ટીપાં
હજાર હજાર
ધસમસતાં તૂટી પડે છે
ને પીટવા લાગે છે મારી ખોલીને.
પતરાંની છત નીચે
અંદર ને અંદર રડ્યા કરે છે મારી ખોલી
બિસ્તર અને કાગળોને ભીંજવ્યા કરતી.

ક્યારેક ક્યારેક કોઈ ચાલાક વરસાદ
મારી ખોલીની પછવાડે થઈને અંદર ઘૂસી જાય છે
દગાબાજ દીવાલો
ઊંચી કરે છે પોતાની એડીઓ
ને એક નાનકડા પૂરને ઘૂસવા દે છે મારી ખોલીમાં.

હું બેઠો હોઉં છુ મારા દ્વીપદેશ બિસ્તર પર -
અને જોયા કરું છું મારા પૂરગ્રસ્ત મુલકને,
આઝાદી પર લખેલી નોંધો,
મારા કેદખાનાના દિવસોનાં સ્મરણો,
કૉલેજના દોસ્તોના પત્રો,
પાઉંરોટીના ટુકડા
અને મેગી નૂડલ્સ -
આ બધું જોશભેર ઊપસી આવે છે સપાટી પર
કશુંક વિસારે પડેલું
અચાનક યાદ આવી ગયું હોય એમ .
ત્રણ મહિનાની યંત્રણા
સોય જેવી પત્તીઓવાળા ચીડવૃક્ષોમાં ચોમાસું
સાંજના સૂરજમાં ઝગમગતો
ધોવાઈને સ્વચ્છ હિમાલય .

જ્યાં સુધી વરસાદ શાંત નથી થઈ જતો
અને બંધ નથી કરતો મારી ખોલીને પીટવાનું
એ જરૂરી છે કે હું
બ્રિટિશરાજના જમાનાથી
ડ્યૂટી નિભાવી રહેલી મારી પતરાંની છાપરીને સાંત્વના આપતો
રહું,

આ ખોલીએ કેટલાય બેઘર લોકોને આશરો આપ્યો છે,
જોકે હાલમાં એની પર કબ્જો છે
ઉંદર, નોળિયા, ગરોળીઓ ને કરોળિયાઓનો,
એક હિસ્સો, અલબત્ત મેં ભાડે લઈ રાખેલો છે,
ઘરના નામ પર ભાડાની ખોલી -
દીનહીન અસ્તિત્વ....

એંસીની થઈ ગયેલી
મારી કાશ્મીરી મકાન-માલકણ હવે ઘેર પાછી ફરી શકવાની નથી,
અમારી વચ્ચે ઘણીયે વાર સુંદરતા બાબતે ચડસાચડસી થાય છે –
કાશ્મીર કે તિબેટ.
રોજ સાંજે
હું પાછો ફરું છું મારી ભાડાની ખોલીમાં
પણ હું કૈં આમ જ મરવાનો નથી,
અહીંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો જરૂર હોવો જોઈએ,
હું મારી ખોલીની જેમ રડી ના શકું,
બહુ રડી ચૂક્યો હું
કેદખાનામાં
અને અવસાદની નાની નાની ક્ષણોમાં .
અહીંથી બહાર નીકળવાનો
કોઈ રસ્તો જરૂર હોવો જોઈએ,
હું રડી ના શકું,-
પહેલેથી જ કેટલી બધી ભીની છે આ ખોલી.

⊋

રેફ્યુજી

મારો જન્મ થયો
ત્યારે માએ કહેલું :
તું શરણાર્થી છે, - રેફ્યુજી.
સડકની ધારે આવેલા અમારા તંબુમાં
ધુમાડા ઊઠ્યા હિમ વચ્ચે.

તારા કપાળ પર
બે ભવાંની વચ્ચે
કોતરેલો છે 'R':
મારા શિક્ષકે કહેલું.

મેં ઘસ્યા કર્યું, ખોતર્યા કર્યું
મારા કપાળે ઊઠ્યા
રાતીચટ પીડાના ઘસરકા

હું જન્મજાત રેફ્યુજી છું.

મારી પાસે ત્રણ જબાન છે.
જે ગાઈ રહી છે તે છે
મારી માતૃભાષા.

મારા કપાળે લખાયેલો પેલો 'R'-
એને મારી ઇંગ્લિશ અને હિન્દીની વચ્ચેની
મારી તિબેટી જબાન વાંચે છે :
RANGZEN
રાંગઝેનનો અર્થ છે સ્વાતંત્ર્ય.



મુંબઈમાં એક તિબેટી

મુંબઈમાં એક તિબેટીને
પરદેશી સમજવામાં નથી આવતો.

એક ચાઇનિઝ ઢાબામાં
એ રસોઈયો છે
લોકો સમજે છે એ ચીની છે
બેઇજિંગથી આવેલો કોઈ ભાગેડુ.
પરેલ બ્રિજની છાયામાં એ
સ્વેટર વેચે છે ઉનાળામાં
લોકો સમજે છે
એ કોઈ રિટાયર થઈ ગયેલો ગોરખા બહાદુર છે.

મુંબઈમાં એક તિબેટી
બમ્બૈયા હિન્દીમાં ગાળ ભાંડે છે
લગાર તિબેટી લહેકામાં,
અને જ્યારે એની શબ્દ- ક્ષમતા ખતરામાં પડે છે
કુદરતી રીતે એ તિબેટી બોલવા લાગે છે,
આવા વખતે પારસીઓ હસવા લાગે છે.

મુંબઈમાં એક તિબેટીને પસંદ છે મિડ-ડેનાં પાનાં ઉથલાવવાં,
એને પસંદ છે એફ એમ, અલબત્ત એ
તિબેટી ગીત સાંભળવાની આશા તો નથી રાખતો.

એ ટ્રાફિક સિગ્નલ પર બસ પકડે છે,
છલાંગ મારતોકને ઘૂસે છે દોડતી ટ્રેનમાં,
પસાર થાય છે એક લાંબી અંધારી ગલીમાંથી
ને ઘરભેગો થાય છે પોતાની ખોલીમાં.

એને ગુસ્સો આવે છે
જ્યારે લોકો એની પર હસે છે
'ચિંગ-ચૌંગ-પિંગ- પૌંગ'.

મુંબઈમાં એક તિબેટી
હવે થાકી ગયો છે,
એને જોઈએ છે થોડી ઊંઘ ને એક સપનું.
૧૧ વાગ્યાની રાતની વિરાર ફાસ્ટમાં
એ ચાલ્યો જાય છે હિમાલય
સવારે ૮.૦૫ની ફાસ્ટ લોકલ
એને પાછી લઈ આવે છે ચર્ચગેટ,
આ મહાનગરમાં- એક નવા સામ્રાજ્યમાં.

નિર્વાસનનું ઘર

ચૂતું હતું અમારું નળિયાંવાળું છાપરું
અને ચારે દીવાલો ધસી પડવાની ધમકી આપી રહી હતી
પણ અમારે બહુ જલદી પાછા ફરવાનું હતું ઘેર.

અમે અમારાં ઘરોની સામે
ઉગાડ્યાં પપૈયાં,
અમારા બગીચામાં મરચાં,
અને અમારી વાડ બનાવવા ચંગમા*,
ત્યારે ગાયની ગમાણની
ઘાસફુસ છવરાયેલી છાપરી પરથી ગબડી આવ્યાં કોળાં -
નીરેલું ઘાસ કૂદીને ભાગ્યાં વાછડાં,
છત પર પરાળ,
કઠોળને ફણગા ફૂટયા
ને વેલાઓ ઊંચે ચડ્યા,
ઠેઠ બારી પાર ઘસડાઈ આવ્યા મનીપ્લાન્ટ,
એવું લાગે છે જાણે અમારાં ઘરોને ફૂટ્યાં છે મૂળિયાં.

વાડો હવે પલટાઈ ગઈ છે જંગલમાં
હવે હું કેવી રીતે બતાવું મારાં છોકરાંવને
કે ક્યાંથી આવેલાં આપણે?

(* ચંગમા:- વાડ કરવા માટે ઉગાડવામાં આવતું નેતર જેવા લચીલા થડવાળું એક ઝાડ)



Truth



Truth is silent
Standing alone
Away from all crazy crowds.
Like a true lover
Never claiming any thing.

No publicity,
No marketing,
No packaging.. wrapping..
No Instagram...
No Facebook posts.
Just being as simple genuine truth.

Though
It has billions fold magnitude
Of its own genuineness
Against
All marketed...repeatedly made
Loud statements,
Truth will never
Come on stage
And take the charge of mike to claim that-
It is only and ultimate truth.
And may be
People will not listen to it…
Because truth has neither any popularity
Nor that X-factor

No media
No celebrity
No Godman is promoting the truth..
Nobody is singing the songs sung by truth.

But dear friends
Truth will definitely appear one day
On your doorstep
Like death
And nail its existence.

Till then
Enjoy this great circus of
Marketed dummy idols...

Yogesh Vaidya

The Aim

(For Ninos Aho)





If exists any way,
there are thousands of them, each one an illusion is only …

If at least one of them
leads in a certain direction, it just seems to be a dream…


If even direction is given,
and we distinguish thousands of them, it’s the only a veil…

One whole is real -The Aim.
Whatever our race is, religion & place, we are part of it.

Scattered,
like a stardust, passing away - we will be coming back.

Dariusz Pacak

o આ અંકના ફોટોકલાકાર



અનુચિત સુંદરકૃતિ **(Anuchit Sundarkriti)** થાઇલૅન્ડના વિખ્યાત ફોટો-કલાકાર છે. આર્કીટેક્ટના મૂળ વ્યવસાયમાંથી નિવૃત્તિ મેળવી હાલ પૂર્ણ સમય માટે ફોટોગ્રાફીને સમર્પિત છે. બેંગકોક રેલ્વેસ્ટેશન અને બૌદ્ધ સાધુઓએ તેમને ખૂબ પ્રભાવિત કર્યા છે. ફક્ત સુંદરતા નહિ, પણ કોઈ ઉદ્દેશ માટે કળા- એ તેમનું ધ્યેય છે. તેઓ થાઇલૅન્ડમાં ફોટો-કલાકારોની એક સંસ્થા પણ ચલાવે છે. તેમના કામમાં આછો પ્રકાશ અને અવકાશ વચ્ચે મુકાયેલી આકૃતિઓ અકથ્ય માનવીય સંવેદનાઓને વ્યક્ત કરતી દેખાય છે.

તેમનું કામ https://www.facebook.com/linesiam પરથી માણી શકાય છે.



પંખીઓએ કલશોર કર્યો, ભાઈ ! ધરતીને સૂરજ ચૂમ્યો,
કૂથલી લઈને સાંજનો સમીર આજ વનેવન ઘૂમ્યો, વનેવન ઘૂમ્યો..

ખુલ્લી પડેલી પ્રીતનો અરથ કળી કળીએ જાણ્યો,
શરમની મારી ધરણીએ કાળી રાતનો ઘૂમટો તાણ્યો, ઘૂમટો તાણ્યો..

પ્રગટ્યા દીવા કૈંક ચપોચપ ઊઘડી ગગનબારી,
નીરખે આભની આતુર આંખો દોડી આવી દિગનારી, આવી દિગનારી..

તાળી દઈ કરે ઠેકડી તીડો, તમરાં સિસોટી મારે,
જોવા તમાશો આગિયા ચાલ્યા બત્તી લઈ દ્વારે દ્વારે, ફરી દ્વારે દ્વારે..

રાતડીના અંધકારની ઓથે નીંદરે અંતર ખોલ્યાં,
કૂંચી લઈ અભિલાષની સોનલ હૈયે શમણાં ઢોળ્યાં, શમણાં ઢોળ્યાં..

નીનુ મઝુમદાર